# શહેરમાં પેટ્રોલનો ભાવ ૧૦૦ને પાર, ડીઝલ પણ લગોલગ

ગાંધીનગર, તા. ૮

પેટ્રોલ-ડીઝલના ભાવ ૧૦૦ રૂપિયાને પાર પહોંચી ગયા છે. સોશ્યલ મીડિયા પર જનતાનું કહેવું છે કે એક તરફ અમારી આવક ઘટી છે અને ભાવ વધારો થઈ રહ્યો છે, બીજી તરફ નવરાત્રીના પ્રથમ દિવસે અને ગાંધીનગર ચૂંટણી જીતવા પર આપવામાં આવેલ ગિફ્ટ રૂપે ભાવ વધારો કરવામાં આવ્યો હોવા જેવી અનેક કટાક્ષ કરતી પોસ્ટ મુકવામાં આવી રહી છે.

ક્રૂડ ઓઈલના ભાવ લગભગ ત્રણ વર્ષમાં તેની સર્વોચ્ચ સપાટીએ પહોંચી ગયા છે. જેની સીધી અસર સામાન્ય જનતાના ખિસ્સા પર પડી રહી છે. ક્રૂડ ઓઈલના ભાવમાં ઉછાળો આવે છે ત્યારે તેનો સીધો બોજ ગ્રાહકો પર પડે છે. ઈંધણની કિંમતો વધવાની પ્રક્રિયા અટકવાનું નામ નથી લઈ રહી. ગાંધીનગરમાં પેટ્રોલની સદી પેટ્રોલ ૧૦૦.૬૯ રૂપિયા પ્રતિ લીટર અને ડીઝલ ૯૯.૧૯ રૂપિયા પ્રતિ લીટર થયું છે.

**છેલ્લા ૫ દિવસમાં પેટ્રોલ ભાવ**

| તારીખ | કિંમત | બદલો |
|---|---|---|
| તા. ૮ | ૧૦૦.૬૯ પ્ર.લિ. | ૦.૩૭ |
| તા. ૭ | ૧૦૦.૩૨ પ્ર.લિ. | ૦.૨૬ |
| તા. ૬ | ૧૦૦.૦૬ પ્ર.લિ. | ૦.૪૭ |
| તા. ૫ | ૯૯.૫૯ પ્ર.લિ. | ૦.૩૦ |
| તા. ૪ | ૯૯.૨૯ પ્ર.લિ. | ૦.૧૪ |

**છેલ્લા ૫ દિવસમાં ડીઝલના ભાવ**

| તારીખ | કિંમત | બદલો |
|---|---|---|
| તા. ૮ | ૯૯.૬૪ પ્ર.લિ. | ૦.૪૫ |
| તા. ૭ | ૯૯.૧૯ પ્ર.લિ. | ૦.૩૫ |
| તા. ૬ | ૯૮.૮૪ પ્ર.લિ. | ૦.૫૭ |
| તા. ૫ | ૯૮.૨૭ પ્ર.લિ. | ૦.૩૮ |
| તા. ૪ | ૯૭.૮૯ પ્ર.લિ. | ૦.૧૫ |

નવરાત્રી દરમિયાન ઓઈલ કંપનીઓએ મોટો ઝાટકો આપ્યો છે. સતત મોંઘા થતા ઈંધણથી મધ્યમવર્ગના જીવન નિર્વાહ ઉપર અસર જોવા મળી રહી છે. પેટ્રોલ-ડિઝલના ભાવ વધવાથી સીંગતેલ, દૂધ, ઘી, શાકભાજી વિગેરે જેવી જીવન જરૂરી ચીજનોમાં પણ ભાવ વધારાનો માર શહેરીજનોને સહન કરવાનો વારો આવ્યો છે. સરકાર પોતાના ખર્ચને પહોંચી વળવા છાશવારે પેટ્રોલ-ડીઝલના ભાવમાં વધારો કરે છે અંતે આ ભાવ વધારો રીક્ષાવાળા, ટેક્ષીચાલકો, ગરીબ અને મધ્યમવર્ગના ટુ વ્હીલર વાહનચાલકો અને માંડ માંડ ગાડી ખરીદવાનો જુગાડ કર્યો હોય એવા મધ્યમવર્ગના લોકો માટે કમ્મરતોડ સાબિત થતો હોય છે.

આખરે સચિન તેન્ડુલકરની સેન્ચુરી પેટ્રોલ ડીઝલના ભાવે મારી દીધી છે. શહેરીજનો મજબુરીનું નામ મહાત્મા ગાંધી એમ લાચારી વશ આટલા ઉંચા ભાવે પણ પેટ્રોલ-ડીઝલ પુરાવી રહ્યા છે. પોતાના ખર્ચને પહોંચી વળવા સરકાર પાસે બીજા અનેક માર્ગો છે તેમ છતાં મધ્યમ અને ગરીબ વર્ગને હંમેશા મોંઘવારીનો માર વેઠવો પડે છે. ગાંધીનગરમાં પેટ્રોલની કિંમતો વધુ અસ્થિર થઈ રહી છે. ત્રણ દિવસ પહેલા પેટ્રોલ ૯૯.૨૯ પ્રતિ લિટર અને ડિઝલ ૯૭.૮૯ પ્રતિ લીટર હતુ.

છેલ્લા ૧૦ દિવસમાં ગાંધીનગરમાં પેટ્રોલની કિંમત ૯૮.૪૬ થી ૧૦૦.૬૯ રૂપિયા વચ્ચે વધઘટ થઈ રહી છે. પેટ્રોલના ભાવમાં છેલ્લો ફેરફાર ૭ ઓક્ટોબરના રોજ થયો હતો અને તેમાં +૦.૦૩૭ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો હતો.




## હરિની દ્રષ્ટિ...

- હરિન ભટ્ટ




મમ્મી... તારા ચણિયાચોળી લાવ... શેરી ગરબામાં એ ચાલી જશે....

# વારંવાર થતા કોલ ડ્રોપથી શહેરીજનો પરેશાન

### ઈન્ટરનેટ અને ફોનનો વપરાશ વધતા સમસ્યા સર્જાઈ છે : છેલ્લા પંદર દિવસથી આ સમસ્યા વધી છે

ગાંધીનગર, તા. ૮

કોલ ડ્રોપ અને ફોન ન લાગવા જેવી બાબતોથી આજકાલ ગાંધીનગરાઓ પરેશાન છે. મોબાઈલ ફોનના કોલ સંબંધિત મુશ્કેલીઓ અને ફરીયાદોમાં આજકાલ ખૂબ વધારો થયો છે. ઈન્ટરનેટ સ્લો ચાલવા સહિતની સમસ્યાઓ વધતી જાય છે.

ગાંધીનગરમાં છેલ્લા કેટલાક સમયથી કોલ ડ્રોપની સમસ્યામાં વધારો થયો છે. ઘણીવાર ફોન લાગતા નથી. વારંવાર પ્રયત્નો કરવા છતાં કોલ લાગતા નથી. અચાનક જ ચાલુ ફોનમાં અવરોધ આવતા લાગે છે. ફોન ઓન હોય તેમ છતાં સ્વીચ ઓફ બતાવે જેવી સમસ્યાઓમાં વધારો થયો છે. ગાંધીનગર શહેરમાં છેલ્લા પંદર દિવસથી આ સમસ્યા ચાલી રહી છે.

ઈમરજન્સી સમયે ફોન ન લાગતા વસાહતીઓ કંટાળ્યા છે. ફોનના મસમોટા બીલ ભરવા છતાં સુવિધાઓ ન મળતા સૌ કોઈ કંટાળ્યા છે. કોલ ડ્રોપની સમસ્યાની સાથોસાથ ઈન્ટરનેટની સમસ્યા પણ વધી રહી છે. નેટ સ્લો ચાલે છે.

ફેસબુક, ઈન્સ્ટાગ્રામ, ટ્વીટર અને વોટ્સએપ જેવી સોસીયલ મીડિયા સાઈટ્સ વારંવાર ખોરવાઈ જાય છે. ટેલીકોમ કંપનીઓના જણાવ્યા અનુસાર હાલમાં ઈન્ટરનેટ અને ફોનનો વપરાશ ખૂબ વધ્યો છે. રાત્રીના સમયે નેટ પર ખૂબ જ ટ્રાપીક રહે છે જેના કારણે સમસ્યાઓ સર્જાઈ છે. તહેવારોની સિઝન હોવાથી નેટનો વપરાશ હાલમાં ખૂબ વધ્યો છે જેના કારણે આ સમસ્યા વધી છે.

## ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- સખી મંડળની બ્હેનોએ બનાવેલ ગરબો કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહ તેમની સાથે લઈને ગયા. તેમને આ ગરબો બહુ ગમી ગયો હતો.
- રેલ્વે સ્ટેશન પર યોજાયેલ કાર્યક્રમમાં અવ્યવસ્થાઓ વધુ જોવા મળી હતી.
- સી.એમ. ડેશબોર્ડને લઈ કમિશનર ડૉ. ધવલ પટેલે આજે સંબંધિત વિભાગોના અધિકારીઓ સાથે સમીક્ષા કરી નિયમિત રીતે તે અપડેત થતુ રહે તે જોવા સૂચનાઓ આપી હતી.
- ગાંધીનગર શહેરમાં શનિ-રવિની રજાઓ આવી રહી હોવાથી આજે ટ્રાફિકનું ભારણ ઓછુ રહ્યુ હતુ.
- કેન્દ્રીય ગૃહ સહકાર વિભાગના મંત્રી અમીત શાહના પ્રવાસને વિરોધ કરવા પીઠ પર બોર્ડ લગાવી ફરતા એક શિક્ષકની પોલીસે અટકાયત કરી હતી.
- રાજ્યની ૨૫૦ કોલેજો અને ૫૬૦૦ શાળાઓમાં ગ્રંથપાલની કાયમી જગ્યા ન હોવાથી લાયબ્રેરીઓ શો પીસ જેવી બની રહી છે.
- ગાંધીનગર તાલુકાના ૫૮ ગામોમાં નવરાત્રી સ્પેશ્યલ સ્વચ્છતા અભિયાન યોજાયુ હતુ.
- ગાંધીનગર શહેર-જિલ્લામાં આજે નવ હજારથી વધુ લોકોને વેક્સિનેશન અભિયાન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા.

# શહેરમાં ત્રેવડી ઋતુના માહોલથી નાગરિકો પરેશાન

### દિવસભર તાપ-ઉકળાટ સાથે વરસાદી વાતાવરણ અને વહેલી પરોઢે ઠંડીનો અનુભવ : શહેરમાં સીજનલ બિમારીઓનું જોર વધ્યુ

ગાંધીનગર, તા. ૮

ગાંધીનગરમાં આજકાલ એક સાથે ત્રણેય ઋતુનો અનુભવ એક જ દિવસમાં થઈ રહ્યો છે. શહેરના વાતાવરણમાં દિવસ દરમ્યાન તાપ અને ઉકળાટ અનુભવાય છે તેમજ વરસાદી મૌસમ હજુ પણ પીછો છોડતી નથી, જ્યારે વહેલી પરોઢે વાતાવરણમાં છવાઈ જતી ઠંડકના કારણે ઠંડીની ઋતુનો પણ અહેસાસ થઈ રહ્યો છે. આયુર્વેદમાં જેને ઋતુ સંધિકાળ કહે છે તેવા પ્રકારની સ્થિતિ અત્યારે શહેરીજનો અનુભવી રહ્યાં છે, જેના કારણે નાગરિકોને શરદી-સળેખમ, તાવ, શરીરનો દુઃખાવો, માથાનો દુઃખાવો તથા હાથ-પગ તુટવા જેવી ફરિયાદોમાં વધારો જોવા મળી રહ્યો છે.

શહેરમાં હજુ પણ વરસાદની શક્યતા છે અને આ વર્ષે માત્ર આઠ જ દિવસની નવરાત્રી છે તેમાં પણ એક-બે નોરતા વરસાદ બગાડે તેવી શક્યતા જોવાઈ રહી છે. દિવસભર શહેરમાં તાપ-ગરમી સાથે વાતાવરણમાં ભેજનું પ્રમાણ રહેતુ હોવાથી બફારાની અસહ્ય સ્થિતિ અનુભવાય છે. આ સાથે છુટક છુટક વરસાદી છાંટા પણ જોવા મળે છે એટલું જ નહી પરંતુ રાત્રે પણ ઉકળાટ અનુભવાય છે. જો કે વહેલી પરોઢથી વાતાવરણમાં સતત ઠંડી અનુભવાય છે જેના કારણે નાગરિકોને એસી-પંખા પણ બંધ કરી દેવાની ફરજ પડે છે ત્યારે બીજી તરફ મચ્છરોનો ઉપદ્રવ વધ્યો હોવાથી તેનો ત્રાસ સતાવવા લાગે છે. ત્રેવડી ઋતુના માહોલમાં નાગરિકો વિવિધ નાની-મોટી સીઝનલ બિમારીના પણ ભોગ બની રહ્યાં છે જેના કારણે શહેરના દવાખાનાઓમાં પણ દર્દીઓની લાંબી કતારો જોવા મળે છે.



રાંધેજા વિભાગ વ્યાયામ મંડળની કબડ્ડીની સ્પર્ધા ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલ રાંધેજા મુકામે યોજાઈ હતી. જેમાં સ્વામિનારાયણ સ્કૂલ બાલવાના વિદ્યાર્થીઓએ અંડર-૧૯ની સ્પર્ધામાં દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યો હતો. ટીમના ૪ ખેલાડીઓની પસંદગી જિલ્લા કક્ષાની ટીમ માટે થઈ હતી જેમને શાળાના આચાર્ય પી.એસ. ચૌધરીએ અભિનંદન આપ્યા હતા.

# વેક્સિનેશન અવેરનેસ થીમ સાથે ઉવારસદમાં નવરાત્રીની પ્રસંશનીય સજાવટ

### વારાહી યુવક મંડળના યુવાનોનો રસીકરણ જાગૃતિ માટે અનોખો પ્રયોગ

ગાંધીનગર, તા. ૮

શહેરમાં આદ્યશક્તિ મા જગદંબાની આરાધનાના પર્વ નવરાત્રીનો રંગેચંગે પ્રારંભ થયો છે શેરી ગરબામાં વેક્સિનેશનની થીમ સાથેની સજાવટ આકર્ષણ ઉભુ કરી રહી છે.

ઉવારસદ ગામનો લેઉઆ ઉવારસદના લેઉઆ પાટીદાર યુવાનોના વારાહી યુવક મંડળ દ્વારા ''વેક્સિનેશન અવેરનેસ''થીમ આધારિત




અને શહેરમાં કોરોના મહામારીના પગલે લાંબા અંતરાળ બાદ થયેલા શેરી ગરબાના આયોજનોને કારણે પ્રસન્નતાનો માહોલ પ્રસરેલો જોવા મળી રહ્યો છે. આ પ્રસન્નતાના માહોલમાં પણ હજુ કોરોના વાયરસનું જોખમ ટળ્યું નથી તેથી દરેકે સાવચેતી દાખવવાની જરૂરી છે તેવા સંદેશ સાથે ગાંધીનગરના ઉવારસદ ખાતે આયોજિત એક પાટીદાર સમાજ હરહંમેશ ઉત્સવપ્રિય રહ્યો છે અને કોરોના અગાઉ દર વર્ષની જેમ આયોજિત થતી વારાહી યુવક મંડળની નવરાત્રી આ વર્ષે ફરી આયોજિત કરાઈ છે. જેમાં યુવાનો દ્વારા કોરોના મહામારીના જોખમને અનુલક્ષીને સમાજ કલ્યાણની ભાવનાથી ઉપયોગી સંદેશ પાઠવવા પ્રયાસ કર્યો છે. સ્ટેજની સજાવટ કરીને નવરાત્રી સાથે નાગરિકોને કોરોનાથી બચવા રસીકરણ અવશ્ય કરાવવું જોઈએ તેવો શુભ સંદેશ પણ પાઠવવા પ્રયાસ કર્યો છે. માત્ર ડીજેના ઘોંઘાટ કે રોશનીના ઝગમગાટથી આંજવાના પ્રયાસને બદલે યુવાનો દ્વારા જવાબદારીભર્યો સંદેશ પાઠવવાનો આપેલો આ પ્રયાસ પ્રસંશા પામી રહ્યો છે.

# પી.કે. ચૌધરી કોલેજમાં સ્વચ્છતા અભિયાન કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૮

પી.કે.ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં એન.એસ.એસ. યુનિટ દ્વારા સ્વચ્છતા અભિયાનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કોલેજની વિદ્યાર્થીનીઓએ કોલેજ કેમ્પસની સફાઈ કરી હતી. જેમાં કોલેજના આચાર્યા એમ.એમ.ચૌધરી, અધ્યાપક મિત્રો અને એન.એસ.એસ.માં ભાગ લીધેલ વિદ્યાર્થીનીઓ જોડાયા હતા. આ કાર્યક્રમનું સંચાલન ડૉ. સજ્જનબેન ચૌધરીએ કર્યુ હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા કોલેજના પ્રિન્સિપાલ ડૉ.એમ.એમ. ચૌધરીએ સાથ સહકાર આપ્યો હતો.

# ઘ-૨ પાસે જીએસટીના મહિલા અધિકારીનો મોબાઈલ લુંટી યુવાન ફરાર

### પર્સ હાથમાં ન આવતા યુવાન મોબાઈલ લઈ સેક્ટર-૨ માં ભાગી ગયો

ગાંધીનગર, તા.૮

શહેરના ભરચક ઘ-૨ વિસ્તારમાંથી ગત મોડી સાંજે જીએસટીના મહિલા અધિકારીના હાથમાંથી મોબાઈલ લુંટી લીધાની ઘટના બની છે. મહિલા અધિકારી ઘ દોઢ થી ચાલીને ઘ-૨ તરફ આવી રહ્યા હતા, તે સમયે લુંટારૂ યુવાન મોબાઈલ ચોરી કરી સેક્ટર-૨ તરફ અંધારામાં ગરકાવ થઈ ગયો હતો. બનાવ અંગે સેક્ટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ પાટનગરમાં દિવસે ને દિવસે ગુનાઓનું પ્રમાણ વધી રહ્યું છે. ઘરફોડ, વાહનચોરી, હત્યા, મારામારી, લુંટ જેવા ગુના તો હવે રાજયના પાટનગરમાં સામાન્ય બની ગયા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે સેક્ટર-૭ શ્યામજી કૃષ્ણ વર્મા પાર્ક બ્લોક નં.૧૦ ખાતે રહેતા આવૃતિબેન હાર્દિકભાઈ ત્રિવેદી અમદાવાદ જીએસટી વિભાગમાં રાજય વેરા નિરીક્ષક તરીકે ફરજ બજાવે છે. ગતરોજ કચેરી તરફથી વટવા જીઆઈડીસી ખાતે ટ્રેનીંગ હોવાથી સવારથી ત્યાં ગયા હતા. સાંજે ટ્રેનીંગ પુરી કરીને અન્ય સાથી કર્મચારીઓ સાથે ગાડીમાં ઘ દોઢ પરત ફર્યા હતા. ઘ દોઢ થી ઉતરીને તેઓ ઘ-૨ તરફ જઈ રહ્યા હતા. જયાં ઘ-૨ પાસે તેમના પતિ તેઓને લેવા માટે ઉભા હતા.

ફુટપાથ પર ચાલતા સમયે તેઓએ પતિને ફોન કરવા માટે પર્સમાંથી મોબાઈલ નીકાળ્યો હતો. તે સમયે શ્યામ વર્ણ પાતળા બાંધાનો અને છ ફુટ ઉંચાઈ ધરાવતા કાળા કલરના શર્ટ પહેરેલ યુવક અચાનક તેમની નજીક આવી જઈને મોબાઈલ ઝુંટવી લેવા પ્રયત્ન કર્યો હતો.આવૃતિબેનના હાથમાંથી મોબાઈલ નીચે પડી જતા તે યુવકે પર્સ ખેંચ્યુ હતું. પરંતુ પર્સ પકડી રાખીને આવૃતિ બેને યુવકને ધક્કો માર્યો હતો. જેથી યુવક મોબાઈલ લઈ સેક્ટર-૨ તરફ અંધારામાં ગરકાવ થઈ ગયો હતો. જો કે સ્થાનિક નાગરીકોએ યુવકનો પીછો કર્યો હતો. પરંતુ અંધારાને પગલે નાસી જવામાં સફળ રહ્યો હતો.બનાવ અંગે આવૃતિબેને સેક્ટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

# સમર્પણ સાયન્સ કોલેજમાં ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો

ગાંધીનગર, તા.૮

સમર્પણ સાયન્સ એન્ડ કોમર્સ કોલેજમાં બીકોમનો ઓરિએન્ટેશન પ્રોગ્રામ યોજાયો હતો. વર્કિંગ એન્ડ કંપની ઓફ બેન્કિંગ સેકટર વિષય પર એકસપર્ટ લેકચર યોજાયું હતું. જેમાં ચૌધરી કોલેજના ડોકટર ફાલ્ગુની પંડયા હાજર રહ્યા હતા.

# વાસણા હડમતીયા શ્યામરંગ બંગ્લોઝ ખાતેથી ૧૬૦ ફર્માઓની ચોરી

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર વાસણા હડમતીયા ખાતે આવેલી શ્યામરંગ બંગ્લોઝના પ્લોટ નં. એ-૩૦ માંથી ૧૬૦ ફર્માની ચોરી થવા પામી છે. પ્લોટ માલિક રૂ.૬૭ હજારથી વધુ કિંમતના ૧૫૦૦ કિલો વજનના ફર્મા ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણ તાલુકાના ખારવા ગામના અને હાલ ગાંધીનગર સેકટર-૪ બી પ્લોટ નં.૩૪૫-૨ ખાતે રહેતા ૨૬ વર્ષિય સાર્થક કલ્યાણભાઈ હાલા કોન્ટ્રાકટર તરીકે કામગીરી કરે છે. વાસણા હડમતીયા ખાતે શ્યામરંગ બંગ્લોઝ ખાતે પ્લોટ નં.એ-૩૦ તેમના પિતાની માલિકીનો છે જેમાં હાલ મકાનનું બાંધકામ ચાલી રહ્યું છે. ત્યારે ધાબુ ભરવા માટે લોખંડના પતરાના ફર્મા જે વિવિધ સાઈઝના ૧૬૦ નંગ લાવ્યા હતા. ફર્મા પર એમએમ લખેલુ હતું, અને ૧૬૦ ફર્માનું વજન અંદાજીત ૧૫૦૦ કિલો હતું. આ ફર્મા પ્લોટ પાસે પડ્યા હતા. ત્યારે તા.૬ ના રોજ સવારે નવ વાગે આવી ને જોતા પ્લોટમાં પડેલા લોખંડના ૧૬૦ ફર્મા ન હતા.



## વાવોલની સોસાયટીમાં પ્રથમ નોરતે ગરબાની રમઝટ

ગાંધીનગર મહાનગરપાલિકામાં સમાવિષ્ટ વાવોલના સોસાયટી વિસ્તારમાં નવરાત્રીની રમઝટ પહેલાં નોરતેથી જ જોવા મળી હતી. આ વર્ષે પાર્ટી પ્લોટના ગરબાના આયોજનો થયા ના હોવાથી સોસાયટીઓમાં ખાસ કરીને ફલેટ-એપાર્ટમેન્ટ વગેરેમાં શેરી ગરબાની નવરાત્રીમાં રોનક ખીલી ઉઠશે તેવું જણાઈ રહ્યું છે.

**ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ**

**ઈ-ટેન્ડર નોટીસ નં-૦૩ અને ૦૪ સને ૨૦૨૧-૨૨**

**આઈ.ડી.નં.: (૧) ૪૮૫૫૨૨૨ (૨) ૪૮૫૫૨૫**

કાર્યપાલક ઈજનેરશ્રી જાહેર આરોગ્ય બાંધકામ વિભાગ, ગુજરાત પાણી પુરવઠા અને ગટર વ્યવસ્થા બોર્ડ સહયોગ સંકુલ, બી-વીંગ, પાંચમા માળે, પથિકાશ્રમની બાજુમાં, ગાંધીનગર દ્વારા ઈ-ટેન્ડરીંગ પધ્ધતીથી (૧) ગાંધીનગર જીલ્લાના માણસા તાલુકાની પિયજ-ધરોઈ પાઈપ લાઈન આધારીત સુજલામ સુફલામ જી-૩,જુથ પાણી પુરવઠા યોજનાના રૂ. ૨૦૬.૯૦ લાખ માટે ૨ વર્ષની મરામત અને નિભાવણીની કામગીરી I.D.No.-485522 અને (૨) ગાંધીનગર જીલ્લાના ગાંધીનગર તાલુકાની સુજલામ સુફલામ યોજના અંતર્ગત જી-૧,જુથ પાણી પુરવઠા યોજનાના રૂ. ૧૨૩.૭૧ લાખ માટે ૨ વર્ષની મરામત અને નિભાવણી I.D.No.-485525 માટે યોગ્ય શ્રેણીમાં યોગ્ય પાત્રતા ધરાવતા ઠેકેદારો પાસેથી ભાવો માંગવામાં આવે છે. ઠેકેદારે બીડ ડોક્યુમેન્ટના પાત્રતાના ધોરણો મુજબ ઉર્તીર્ણ થવાનુ રહેશે, કામની વિગતો માટે વેબસાઈટ http://gwssb.nprocure.com તથા www.gwssb.org ઉપર પ્રાપ્ય છે. ઓનલાઈન સબમીશન ની છેલ્લી તારીખ:૦૮/૧૧/૨૦૨૧ વેબસાઈટ પર મુકવામાં આવેલ છે અને આ ટેન્ડરમાં ભવિષ્યમાં કરવાના થતા સુધારા ઓનલાઈન મુકવામાં આવશે.કોઈ પણ કારણ દર્શાવ્યા સિવાય એક કે બધા ટેન્ડર રદ કરવાનો અબાધિત અધિકાર જી.ડબલ્યું એસ.એસ.બોર્ડ નો રહેશે. ટેન્ડર ફી અને બાનાની રકમના મુળ દસ્તાવેજોના કવરો ટેન્ડર ઓનલાઈન સબમીશન પુર્ણ કરવાની છેલ્લી તારીખના બીજા દિવસે ૩ વાગ્યા સુધીમાં R.PAD/ Speed Post / Hand Delivery થી ઉપરના સરનામે પહોચતા કરવાના રહેશે.

ગ્રામ્ય વિસ્તારની પીવાના પાણીની સમસ્યા અંગે ગુ.પા.પુ. અને ગટર વ્ય.બોર્ડના હેલ્પલાઈન ટોલ ફી નંબર :૧૯૧૬ પર જનતાને સંપર્ક કરવા અનુરોધ છે.''

ફોન નં.(૦૭૯) ૨૩૨૬૧૮૭૦, મોબાઈલ નં: ૯૯૭૮૪૦૭૧૧૯

**માહિતી/૧૨૫૦/૨૧-૨૨**